Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Humanity
ISSN: 2279-0233
Continuous issue-25 | June – July 2016

# 'શ્રીહનુમનદૂતમ્' એક અભિનવ દૂતકાવ્ય

ઋગ્વેદના સરમા-પણિ સંવાદસૂક્તમાં દેવોની ગાયો ચોરી ગયેલા પણિઓ પાસે દૂતીના રૂપમાં સરમા નામની સૂની(કૂતરી)ને મોકલ્યાના ઉલ્લેખ પશ્ચાદ્ વાલ્મીકિ રામાયણમાં વર્ણિત હનુમાનજીનું અને વેદવ્યાસકૃત મહાભારતના નલ-દમયંતિ ઉપાખ્યાનમાં નિરૂપિત હંસનું દૌત્યકર્મ સર્વવિદિત છે. આમ દૂતપ્રેષણપ્રથાને ઋગ્વેદ જેટલી જ પ્રાચીન માની શકાય. 'મેઘદૂત'નું કલ્પનાબીજ કાલિદાસને વાલ્મીકિ રામાયણના રામદૂત હનુમાનમાંથી પ્રાપ્ત થયું હશે, જે 'મેઘદૂત'ની 'इत्याख्याते पवनतनयं मैथलीवोन्मुखी सा' જેવી ઉપમાથી સ્પષ્ટ થાય છે. કવિ ઘટકર્પરરચિત લુપ્ત-શીર્ષક દૂતકાવ્ય ઉપલબ્ધ હોવા છતાં વિદ્વતસમાજ કવિકાલિદાસના 'મેઘદૂત'થી જ દૂતકાવ્યની પરંપરાનો આરંભ માને છે. 'મેઘદૂત'થી આરંભાયેલી દૂતકાવ્યની આ અભિનવ પરંપરા અદ્યાપિપર્યન્ત અક્ષુણ્ણ છે. આ પરંપરામાં નવીનતમ દૂતકાવ્ય સંભવતઃ આશુકવિપંડિત શ્રીનિત્યાનંદ શાસ્ત્રી વિરચિત 'શ્રીહનુમનદૂતમ્'ને ગણાવી શકાય. જેમાં પવનપુત્ર હનુમાનની કવિએ દૂતના રૂપમાં કલ્પના કરી છે.

કાલિદાસના અનુગામી કવિઓના અંતઃકરણ પર 'મેઘદૂત'નો પ્રભાવ સ્પષ્ટરૂપે હોવાના કારણે કાલિદાસના પશ્ચાદવર્તી કવિઓએ 'મેઘદૂત'ને પૂર્વાર્ધ માનીને તેના ઉત્તરાર્ધના રૂપમાં, મેઘદૂત'ની સમસ્યાપૂર્તિ કરીને કે પછી પોતાના કાવ્યમાં મંદાક્રાન્તા છંદનો પ્રયોગ કરીને લગભગ ૧૦૦થી વધારે દૂતકાવ્યોની રચના કરી છે. આ દૂતકાવ્યોમાં પશુ, પક્ષી, ભાવાત્મક વસ્તુ કે પદાર્થ આદિને દૂતના રૂપમાં નિયોજીત કરવામાં આવ્યાં છે. જેમાં આઠમી શતાબ્દીમાં જૈનકવિ જિનસેને 'મેઘદૂત'ની સમસ્યાપૂર્તિરૂપે રચેલ 'પાર્શ્વાભ્યુદય', બારમી શતાબ્દીના ધોયીકવિકૃત 'પવનદૂતમ્', તેરમી શતાબ્દીના વેદાન્તદેશિક તથા પંદરમી શતાબ્દીના રૂપગૌસ્વામી રચિત 'હંસદૂતમ્' ઉલ્લેખનીય દૂતકાવ્યો છે. આ ઉપરાંત સત્તરમી શતાબ્દીના કૃષ્ણાનન ન્યાયપંચાયનવિરચિત 'વાતદૂતમ્', અઢારમી શતાબ્દીના રામગોપાલરચિત 'કાકદૂતમ્' ઓગણીસમી શતાબ્દીના ત્રૈલોક્યમોહનકૃત 'મેઘદૂતમ્' વીસમી શતાબ્દીના કવિ ભોલાનાથપ્રણિત 'પાન્થદૂતમ્', નેનીતાલનિવાસી ડૉ. કૃપારામ ત્રિપાઠી 'અભિરામ' કૃત તરંગદૂતમ્', રુદ્રવાચસ્પતિ વિરચિત 'ભ્રમરદૂતમ્', રામાવતારશર્મારચિત 'મુદગરદૂતમ્' ઇત્યાદિ અનેક દૂતકાવ્યો આજે ઉપલબ્ધ થાય છે. સંસ્કૃત તેમજ ભિન્ન ભિન્ન ભારતીય ભાષાઓના કવિઓ ઉપરાંત જર્મન કવિ શીલરે પણ 'મેઘદૂત'થી પ્રભાવિત થઈને 'મરિયા સ્ટુઅર્ટ' નામના નાટકમાં કારાગારમાં રહેલ નાયિકા પોતાના પ્રિયતમને મેઘ દ્વારા સંદેશ મોકલાવે છે, એવો પ્રસંગ ચિત્રિત કર્યો છે.

'મેઘદૂત'ને પૂર્વાર્ધ માનીને તેના ઉત્તરાર્ધના રૂપમાં અર્વાચીન સંસ્કૃત સર્જકોએ કેટલાક દૂતકાવ્યોની રચના કરી છે, જેમાં યક્ષપત્ની પોતાના પતિ યક્ષને સંદેશ મોકલે છે, એવું કવિએ વર્ણન કર્યું છે. સર્વશાસ્ત્રીના પુત્ર અને સત્તરમી શતાબ્દીમાં થયેલા કૃષ્ણમૂર્તિએ 'યક્ષોલ્લાસ' અને 'મદનાભ્યુદયમાણ'ની, મૈસુરના પ્રધાન પંડિત મંડિકલ રામશાસ્ત્રીએ 'મેઘપ્રતિસંદેશમ્'ની તો કોરડ રામચન્દ્ર કવિએ 'ધનવૃત્તમ્' ની જ્યારે મિથિલાના પરમેશ્વર ઝા એ 'યક્ષમિલનકાવ્યમ્'

નામના દૂતકાવ્યની રચના કરી છે. જયપુર નિવાસી દ્વિજેન્દ્રલાલ શર્મા પુરકાયસ્થે પણ 'મેઘદૂત'ના ઉત્તરખંડરૂપે 'અલકામિલનમ્' નામના દૂતકાવ્યની રચના કરી છે.

કાલિદાસના 'મેઘદૂત'ની સમસ્યાપૂર્તિ કરીને કાવ્ય રચવાની પ્રેરણાથી પ્રેરાઈને કેટલાંક કવિઓએ દૂતકાવ્યોની રચના કરી છે. જેમાં પંદરમી સદીમાં થઈ ગયેલા જૈનકવિ ચરિત્રસુંદરગણિ રચિત 'શીલદૂતમ્' મેઘવિજયગણિ પ્રણીત 'મેઘદૂતસમસ્યાલેખમ્', અજ્ઞાત કવિકૃત 'ચેતોદૂતમ્', સંગમસૂત વિક્રમ વિરચિત 'નેમીદૂતમ્', આર. કૃષ્ણમાચાર્યના 'મેઘસંદેશવિમર્શ' તથા વીસમી સદીના પૂર્વાર્ધમાં થઈ ગયેલા જોધપુરનિવાસી કવિરાજ નિત્યાનંદ શાસ્ત્રીના 'શ્રીહનુમનદૂતમ્'નો સમાવેશ થાય છે.

વાલ્મીકિ રામાયણના કિષ્કિન્ધાકાંડના સત્યાવીસમા અધ્યાયમાં વાલ્મીકિ સીતાનું સ્મરણ કરતાં રામને પ્રસ્રવણગિરિમાં નિવાસ કરતાં દર્શાવે છે. અહીં વાલ્મીકિ ઋતુઓનું લલિત મધુર વર્ણન કરે છે. રામકથાના વિશેષજ્ઞ તથા રામચન્દ્ર તરફ વિશેષ અનુરાગ ધરાવતા પંડિત નિત્યાનંદ શાસ્ત્રીએ રામકથામાંથી પ્રેરણા લઈને મંદાક્રાન્તા છંદોબદ્ધ 'શ્રીહનુમનદૂતમ્' નામના મનોરમ દૂતકાવ્યની રચના કરી છે.

કાલિદાસના 'મેઘદૂત'ને લક્ષ્યમાં રાખીને રચાયેલા આ 'શ્રીહનુમનદૂતમ્'માં કવિએ સીતાહરણથી લઈને રામના સીતા સાથે અયોધ્યાના રાજ્યારોહણ સુધીના કથાવસ્તુનું ચયન કર્યું છે. પ્રસ્તુત દૂતકાવ્યના પૂર્વાર્ધમાં સીતાહરણ બાદ સીતાશોધ માટે હનુમાનની નિયુક્તિ, રામ દ્વારા દૂત હનુમાનને સંદેશો લઈ લંકા મોકલવાની સાથે ઓળખ માટે પોતાની અંગૂઠી આપવા સુધીનું કથાવસ્તુ છે. જયારે ઉત્તરાર્ધમાં લંકામાં જઇને અશોક્વાટિકામાં સ્થિત સીતાને દૂત હનુમાને આપેલો રામનો સંદેશ, સીતાએ પણ ચૂડામણિ આપી રામને પોતાની કુશળતાનો આપેલ પ્રતિસંદેશ, શ્રીરામનું વાનરસેના સાથે લંકામાં આગમન, રાવણવધ બાદ સીતા સાથે વિમાન દ્વારા અયોધ્યાગમન તથા અંતમાં સીતાજી સાથે સુખપૂર્વક અયોધ્યાનું રાજ્ય કરવા સુધીનું કથાનક છે. પ્રસ્તુત દૂતકાવ્યનું કથાનક દૂત હનુમાનની આસપાસ ફરતું હોવાને કારણે 'શ્રીહનુમનદૂતમ્' એવું નામાભિધાન સાર્થક છે.

વિરહી યક્ષના સંદેશા સાથે કાલિદાસે 'મેઘદૂતને સમાપ્ત કર્યું હોવા છતાં સંસ્કૃત કાવ્ય સુખાંતમાં પરિણમે એ પરંપરા અનુસાર પરવર્તી કવિઓએ મંદાક્રાન્તા છંદમાં કેટલાંક પદ્યો રચીને યક્ષ દંપતીનું મિલન કરાવ્યું છે. જેને વિદ્વાનો પ્રક્ષિપ્ત માનતા હોવા છતાં 'મેઘદૂત'ના સંસ્કરણોમાં આ પદ્યોનો સમાવેશ કરાય છે. આ પરંપરાનું પાલન કરતાં કવિ નિત્યાનંદ શાસ્ત્રીએ પણ બધાં પદ્યોને આધાર માનીને 'શ્રીહનુમનદૂતમ્'ની રચના કરી છે. આમ 'શ્રીહનુમનદૂતમ્' ભારતીય પરંપરા અનુસાર રામ-સીતાના મિલન સાથે સુખાન્તમાં પરિણમે છે.

કાલિદાસના 'મેઘદૂત'ની પરિપાટી પર રચાયેલા 'શ્રીહનુમનદૂતમ્'ના પ્રત્યેક પદ્યનું અંતિમ ચરણ કાલિદાસકૃત 'મેઘદૂત'નું જ છે. 'મેઘદૂત'ના પ્રત્યેક પદ્યનું અંતિમ ચરણ યથાતથ રહે, પરંતુ આ સમસ્યાપૂર્તિના કારણે દૂતકાવ્ય રામકથાપરક બને, એમાં 'શ્રીહનુમનદૂતમ્'નું શિલ્પ ચમત્કારી બન્યું છે.

'મેઘદૂત'ના યક્ષની જેમ 'શ્રીહનુમનદૂતમ્'માં પણ નાયક દાશરથી રામચન્દ્ર હનુમાનને સંદેશાવાહક તરીકે નિયુક્ત કરી નાયિકા જનકનંદિની સીતાને ભાવભીનો સંદેશો મોકલે છે. કાલિદાસનો દૂત મેઘ સહૃદય હોવાની સાથે

વિરહી છે, જયારે 'શ્રીહનુમનદ્દૂતમ્'નો દૂત હનુમાન સ્વામીભક્ત અને ભક્તહૃદય હોવાની સાથે બ્રહ્મચારી છે, જેથી સ્વામીનો સંદેશો માતાતુલ્ય સીતાને 'મેઘદૂત'ના મેઘની જેમ મોકળાશથી કહેતાં સંકોચ અનુભવે એ સ્વાભાવિક છે. અતઃ 'શ્રીહનુમનદ્દૂતમ્'નો સંદેશ વિરહી નાયક કરતા ભગવાન રામનો વધારે હોય તેમ જણાય છે. વળી, કવિવરની શ્રીરામચન્દ્રજી અને શ્રીહનુમાનજી તરફની અગાધ ભક્તિને પણ 'શ્રીહનુમનદ્દૂતમ્'નો સંદેશ પ્રભાવક ન બનવાનું કારણ માની શકાય.

કાલિદાસકૃત 'મેઘદૂત' 'શ્રીહનુમનદ્દૂતમ્'નું ઉપજીવી હોવાને કારણે પ્રસ્તુત દૂતકાવ્ય પર કાલિદાસનો પ્રભાવ પડે એ સ્વાભાવિક છે. 'શ્રીહનુમનદ્દૂતમ્'ના કથાવસ્તુ અને શિલ્પ પર કાલિદાસના 'મેઘદૂત'નો પ્રભાવ ક્યાં ક્યાં અને કેવા પ્રકારે પડ્યો છે તે જોવાનું રસપ્રદ નીવડે એમ છે.

'શ્રીહનુમનદ્દૂતમ્'નો પ્રારંભ પણ 'મેઘદૂત'ની સરણી પર જ કરવામાં આવ્યો છે. અહીં કવિએ પ્રથમ શ્લોકમાં જ સમગ્ર કાવ્યની પૂર્વભૂમિકાની રજૂઆત કરી દીધી છે. કાલિદાસે 'મેઘદૂત'માં 'स्वाधिकारात्प्रमतः' અને शापेनस्तङ्गमितमहिमा' એવાં પદો દ્વારા વિયોગના કારણનું સૂચન કરી દીધું છે. બરાબર એ જ રીતે હનુમનદ્દૂતકારે પણ અહીં 'हृततयुवतिकोऽधारिणा रावणेन' પદ દ્વારા આ કાર્ય પૂરું પાડ્યું છે. 'મેઘદૂત'માં પ્રયુક્ત 'जनकतनयास्नानपुण्योदकेषु' પદના પ્રયોગની જેમ જ 'શ્રીહનુમનદ્દૂતમ્'માં પણ 'जनकतनयान्वेषणायावलोक्य' એ પદનો પ્રયોગ કરી એવું સૂચવી દીધું છે કે અહીં પણ રામ-સીતાના વિરહની જેમ જ વિરહાલેખન કરવામાં આવશે.

'શ્રીહનુમનદ્દૂતમ્'નો કવિ 'મેઘદૂત'ને નજર સમક્ષ રાખીને જ દૂતકાવ્યની રચના કરી રહ્યો છે એવી પ્રતીતિ પદે પદે થાય છે. કારણ 'શ્રીહનુમનદ્દૂતમ્'ના પ્રત્યેક શ્લોકનું અંતિમ ચરણ 'મેઘદૂત'નું જ છે. આ સિવાય પણ ભાવોની કોમળતા અને મધુરતાનું વહન કરી શકે એવી સરસ અને પ્રસાદગુણમંડિત વૈદર્ભી શૈલીનો સામર્થ્યપૂર્વક વિનિયોગ કરવામાં કવિને મહદંશે મળેલી સફળતા છતાં શબ્દાર્થચયન અને લોકરચના-પદ્ધતિની બાબતમાં કવિ કાલિદાસથી પ્રભાવિત થયા વિના રહી શકતા નથી. 'મેઘદૂત'ના કેટલાંક પદો કે પદસમૂહોમાં ક્યાંક શબ્દશઃ તો ક્યાંક કિંચિત્ પરિવર્તન પામીને 'શ્રીહનુમનદ્દૂતમ્'માં પ્રયોજાયેલા જોવા મળે છે, જેમકે,

(अ) પદ્યરચનામાં ચરણના પ્રારંભિક પદની દ્વિરુક્તિ 'મેઘદૂત'માં જોવા મળે છે.

(१) मन्दं मन्दं नुदति................. (पूर्वमेध./१०) (२) काले काले भवति भवतो....... (पूर्वमेध./१२)
(३) खिन्नः खिन्नः शिखरिषु........ (पूर्वमेध./१३) (४) क्षीणः क्षीणः परिलघु पयः.... (पूर्वमेध./१३)

કવિ નિત્યાનંદ શાસ્ત્રીએ પણ આ જ પદ્ધતિનું 'શ્રીહનુમનદ્દૂતમ્'માં અનેક સ્થળોએ સફળ અનુકરણ કર્યું છે. જુઓઃ

(१) देशान् देशान् वज्र वनधरा ...... (पूर्वहनु./३२) (६) वीथौ वीथौ करकरुचिरं....... (उ.हनु./०६)
(२) भूयो भूयो विधुरितह्रदः.......... (पूर्वहनु./४०) (७) वचं वचं दृशमटति........... (उ.हनु./०७)
(३) सिन्धुं सिन्धुं ह्रत-वि वसनां...... (पूर्वहनु./४६) (८) रात्रौ रात्रौ हिमकर............ (उ.हनु./०९)
(४) स्थाने स्थाने मलयजतरु......... (पूर्वहनु./५५) (९) वृक्षं वृक्षं प्रति जनकजां...... (उ.हनु./१४)
(५) हट्टे हट्टे विविधविपणी............(उ.हनु./०६)(१०) मन्दं मन्दं वितनु परितो.... (उ.हनु./२०)

(ब) 'શ્રીહનુમનદ્દૂતમ્'ના પ્રત્યેક શ્લોકનું અંતિમ ચતુર્થ ચરણ તો 'મેઘદૂત'નું છે જ. આ ઉપરાંત પૂર્વહનુમનદ્દૂતના વીસમા અને ચોવીસમા શ્લોકનું તૃતીય ચરણ પણ દૂતકાર પૂર્વમેઘદૂતના ઓગણીસમા અને બાવીસમા શ્લોકોનું શબ્દશઃ પ્રયોજે છે. જુઓઃ

(१) 'रेवां द्रक्ष्यस्युपलविषमे विन्ध्यपादे विशीर्णा ।' (पूर्वहनु./२०)
(२) शुक्लापाङ्गै सजलनयनैः स्वागतीकृत्य केकाः ।' (पूर्वहनु./२३)

(क) ભાષા ઉપરાંત કાલિદાસકૃત 'મેઘદૂત'નાં કેટલાંક વિચારો અને કલ્પનાઓનું ઊડીને આંખે વળગે એવું અનુકરણ 'શ્રીહનુમનદૂતમ્'માં જોવા મળે છે. જેમકે,

(૧) પૂર્વમેઘદૂત(શ્લોક/૧)માં 'स्वाधिकारात्प्रमत्तः'ની જેમ જ પૂર્વહનુમનદૂત(શ્લોક/૧)માં પણ 'पित्राज्ञप्तः' એવા પદ દ્વારા વનવાસનું કારણ દર્શાવાયું છે.

(૨) પ્રિયાવિયુક્ત નાયકના સ્થાનનો નિર્દેશ પણ બન્ને દૂતકાવ્યોમાં 'रामगिर्याश्रमेषु' એ પદ દ્વારા સમાન પદ્ધતિએ કરવામાં આવ્યો છે.

(૩) 'મેઘદૂત'ના યક્ષની જેમ જ 'શ્રીહનુમનદૂતમ્'માં નાયક રામ દૂત હનુમાનને મિત્ર કહીને સંબોધે છે.

(૪) પૂર્વમેઘદૂત(શ્લોક/૫)ની જેમ જ હનુમનદૂતકાર પણ કામીજનો ચેતન કે અચેતન વચ્ચેનો વિવેક કરવામાં અસમર્થ હોય છે, એમ દર્શાવતાં રામ દ્વારા કહેવડાવે છે કે, 'स्वाभिज्ञानं तदनु सुमनोहारि दत्वांगुलीयमङ्गासंगीदमपि दयितां मे दशां वक्ष्यतीति ।' (पूर्वहनु./०५)

(૫) યક્ષ મેઘની પ્રશંસા કરતાં 'जातं वंशे भुवनविदिते पुष्करावर्तकानां, जानामि त्वां प्रकृतिपुरुषं कामरूपं मघोनः।' (पूर्वमेघ./०६) એમ કહે છે તો 'શ્રીહનુમનદૂતમ્'માં પણ 'वाताज्जातो यदहितमदोद्धंनायांजनायाम् ।' (पूर्वहनु./०६) એમ કહી રામ દૂત હનુમાનની પ્રશંસા કરે છે.

(૬) 'મેઘદૂત'માં વિયોગાવસ્થામાં પ્રાણીઓ માટે આશાનું મહત્વ દર્શાવતાં કહેવાયું છે.: 'आशाबन्घः कुसुमसदृशं प्रायशो ह्यङ्गनानाम्, सद्यःपाति प्रणयि हृदयं विप्रयोगे रुणद्धिः ।' (पूर्वमेध./०९) આ જ વિચાર હનુમનદૂતકાર આ રીતે રજૂ કરે છે.: 'प्रायेणाशा खलु धुतकरी दुःखितानां जनानां' (पूर्व.हनु./१०)

(૭) પૂર્વમેઘ(શ્લોક/૨૫)માં વિદિશા સમીપ સ્થિત 'नीचैः' પર્વતની ગુફાઓમાં વારાંગનાઓ સાથેની પૌરયુવાઓની સ્વછંદ રતિક્રીડાઓનો નિર્દેશ છે. પૂર્વહનુમનદૂત(શ્લોક/૨૭)માં પણ અવન્તિકાનગરીના ક્રીડાપર્વતનો આવો જ ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. 'क्रीडाद्रिः स्त्री-रतिपरिमलोद्गारिभिर्यत्र यूना ।'

(૮) શિપ્રાનદીનો પવન ઉજ્જયિનીની સ્ત્રીઓના સંભોગના થાકને દૂર કરે છે, એમ જણાવતાં કાલિદાસ કહે છે.: 'यत्र स्त्रीणां हरति सुरतग्लानिमङ्गानुकूल शिप्रावातः ।' (पूर्वमेघ./३२) કાલિદાસના આ જ વિચારને હનુમનદૂતકાર પણ શબ્દફેરે આ રીતે રજૂ કરે છે.: 'रत्याः खेदं हरति सदृशां द्राग् यथाह्युज्जयिन्यां शिप्रावातः ।' (पूर्व.हनु./३३)

(૯) ઉત્તરમેઘદૂત(શ્લોક/૧૮) 'वामपादाभिलाषी'ની જેમ જ ઉત્તરહનુમનદૂત(શ્લોક/૧૭)માં પણ કવિવર 'वामपादाभिधातं' એવા પદથી દોહદપૂર્તિનું કારણ જણાવે છે.

(૧૦) ઉત્તરમેઘદૂત(શ્લોક/૨૫)માં 'वियोगविधुरा यक्षपत्नी'ના 'सारिका पञ्जरस्थां' સાથેના વાર્તાલાપની જેમ જ કવિ 'શ્રીહનુમનદૂતમ્'માં પણ લાંબા દિવસો પસાર કરતી અને રામનું રટણ કરતી સીતાનો સારિકા સાથેનો વાર્તાલાપ વર્ણવે છે. જુઓઃ

ननूं वायुप्रभव ! भवता द्रक्षते सा तदानी-
माकारं मे स्थिरतरदृशेवेक्षमाणा मनःस्थम् ।
मन्नामोक्तेरनुकृतिपरां सारिकां पृच्छति वा,
'कच्चिद् भर्तुः स्मरसि रसिके ! त्वं हि तस्य प्रियेति' ॥ उ.हनु./२४ ॥

(૧૧) કાલિદાસની જેમ જ દૂતકાર નિત્યાનંદ શાસ્ત્રી પણ 'શ્રીહનુમનદૂતમ્'ના અંતિમ પદ્યોમાં કથાવસ્તુ સંક્ષેપમાં સૂચિત કરે છે.

કાલિદાસે 'મેઘદૂત'માં અનેકશઃ ઇષ્ટદેવ મહાકાલ ભગવાન શિવનું ભક્તિભાવપૂર્વક સ્મરણ કર્યું છે. તો 'શ્રીહનુમનદૂતમ્'માં પણ શિવભક્તિનું સાદ્યન્ત નિરૂપણ છે. કાલિદાસકૃત 'મેઘદૂત' અને 'શ્રીહનુમનદૂતમ્' માં શિવભક્તિના નિરૂપણ સંદર્ભે નીચેના શ્લોકો જુઓઃ

अप्यन्यस्मिज्जलधर ! महाकालमासाध्य काले,
स्थातव्यं ते नयनविषयं यावदत्येति भानुः ।
कुर्वन् संध्याबलिपटहतां शूलिनः श्लाधनीया,
मामन्द्राणां फलमविकलं लप्स्यसे गर्जितानाम् ॥ पूर्वमेघ./३८ ॥
काममित्रं समवदघतस्ताम्रपर्ण्यब्धिसंगे-
ऽकामा मित्रं हृदि च दघतो घर्ममेवर्विषर्याः ।
संकल्पं ते हरिवर ! वरैः साघितारो ध्रुवं ये,
संकल्पन्ते स्थिरगणपदप्राप्तये श्रद्धानाः ॥ पूर्वहनु./६० ॥

આમ 'મેઘદૂત' અને 'શ્રીહનુમનદૂતમ્'માં અનેક પ્રકારે સમાનતા હોવા છતાં બંને વચ્ચે કેટલીક બાબતોમાં ભિન્નતા પણ જોવા મળે છે. 'મેઘદૂત'માં કાલિદાસે દૂત મેઘ માટે આકાશમાર્ગની પસંદગી કરી છે તે ઉચિત જ છે. વળી રામગિરિથી અલકાનગરી સુધીનો ખાસ્સો લાંબો માર્ગ વર્ણવવાની તક પ્રાપ્ત થવાથી ઉપર આકાશમાંથી દેખાતા વિદિશા, ઉજ્જયિની, નિર્વિન્ધ્યા, શિપ્રા, મહાકાલ, ગંભીરા, સરસ્વતી, ગંગા, કૈલાસ, માનસરોવર અને અલકા જેવા નયનરમ્ય સ્થળોના સૌંદર્ય નિરૂપણનો કવિએ ભરપુર લાભ ઉઠાવ્યો છે.

'શ્રીહનુમનદૂતમ્'માં રામ દૂત હનુમાનને કિષ્કિન્ધાના પ્રસ્રવણગિરિથી માંડીને લંકા સુધીનો માર્ગ બતાવે છે. જેમ 'મેઘદૂત'નો યક્ષ મેઘને દક્ષિણથી ઉત્તરનો માર્ગ બતાવે છે તેમ 'શ્રીહનુમનદૂતમ્'માં રામ હનુમાનને ઉત્તરથી દક્ષિણનો માર્ગ બતાવે છે. માર્ગમાં દ્રશ્યમાન થનારા આન્ધ્ર, પૌન્ડ્ર, ચૌલ, પાંડ્ય, કેરલ વગેરે રાજ્યો, કાવેરી, તામ્રપર્ણી, રેવા આદિ નદીઓ તેમજતેમજ તામ્રપર્ણી-સાગર સંગમ અને  રામેશ્વરમ્ આદિ રમણીય સ્થળોના વર્ણનની તક કવિએ ઝડપી લીધી છે.

કાલિદાસનું અનુકરણ કરવા છતાં પણ કવિની નવનવોન્મેષશાલિની પ્રતિભાના ચમકારા એકાધિક સ્થળોએ દ્રષ્ટિગોચર થાય છે. તામ્રપર્ણી-સાગર સંગમ અને રામેશ્વરમના શિવતીર્થનાં વર્ણન (પૂર્વહનુ./૬૦)માં કવિની ઉત્તમ વર્ણનકલાના દર્શન થાય છે.

ઉત્તરમેઘદૂતના પચ્ચીસમા શ્લોકમાં અલકાપુરીના મહેલમાં નિવાસ કરતી વિરહી યક્ષપ્રિયા સ્વતંત્ર છે. જયારે સારિકા પિંજરામાં છે. આનાથી વિપરીત ઉત્તરહનુમનદૂતના ચોવીસમા શ્લોકમાં લંકાનગરીની અશોકવાટિકામાં સ્થિત સીતા નજરકેદ છે. જયારે સારિકા સ્વતંત્ર છે.

'શ્રીહનુમનદૂતમ્'માં કવિ દ્વારા કરાયેલા શબ્દાર્થચયન અને પદ્યના પ્રત્યેક ચરણના આરંભે આવતી શબ્દોની પુનરુક્તિ કાવ્યને તાલ અને લયબદ્ધતાની સાથે મધુરતા બક્ષે છે.જેમકે પૂર્વહનુમનદૂતના સાઈઠમા શ્લોકના પ્રથમ અને દ્વિતીય ચરણનો આરંભિક શબ્દ 'काममित्रं' અને 'संगेऽकामा मित्रं' છે. જયારે શ્લોકના તૃતીય અને ચતુર્થ ચરણનો આરંભિક શબ્દ 'संकल्पं ते' અને 'संकल्पन्ते' છે. આવી જ શબ્દયોજના કવિ પૂર્વહનુમનદૂતના પાંસઠમા શ્લોકમાં પણ કરે છે. આ પાંસઠમા શ્લોકના પ્રથમ અને દ્વિતીય ચરણનો આરંભિક શબ્દ 'बाह्यनष्टावपि' અને 'बाह्या नष्टाः' છે. જયારે તૃતીય અને ચતુર્થ ચરણનો આરંભિક શબ્દ 'सोपानत्वं' છે. આ ઉપરાંત 'दर्शनस्पर्शनाभ्याम्'(પૂર્વહનુ./૨૦), 'पश्यावश्यं'(પૂર્વહનુ./૩૨), 'सुपथि पथिकः' (પૂર્વહનુ./૪૭), 'वंशोऽवंश्यं' (ઉત્તરહનુ./૧૨), 'सदय ह्रदय' (ઉત્તરહનુ./૩૨), 'सीतेऽसीता' (પૂર્વહનુ./૫૦) જેવા અનેક કર્ણપ્રિય, મધુર અને મનોહર શબ્દોમાં ભાવની સહજતા, મધુરતા અને કમનીયતા જણાય છે.

મંદાક્રાન્તા છંદોબદ્ધ 'શ્રીહનુમનદૂતમ્'ના અંતિમ પદ્યમાં કવિએ શાર્દૂલવિક્રીડિતછંદમાં સ્વપરિચય આપ્યો છે.'શ્રીહનુમનદૂતમ્'માં અલંકારોનો યથાસ્થાન પ્રયોગ કવિની કાવ્યચાતુરીનો પરિચાયક છે. કવિ દ્વારા પ્રયુક્ત ઉપમાઓ સમર્થ સર્જકોની ઉપમાઓની હરોળમાં બેસવાનું સામર્થ્ય ધરાવતી જણાય છે.જેમકે,

'योक्तुं शक्तं सुरतरुमिव प्रेक्ष्य दध्यौ स रामः।' (पूर्वहनु./३)
'दीनां हंसीमिव मितजले पङ्कशेषे तडागे।' (उ.हनु./२८)
कामं कामन्पुनरपि शचीचीन्द्राविवावां मृगाक्षि।' (उ.हनु./४९)
लंकानाथं द्विपमिव हरिध्वँसयामास दृष्टम्।' (उ.हनु./५५) વગેરે......

કૈલાસવર્ણનમાં કાલિદાસ ત્ર્યમ્બકના અટ્ટહાસ્યને પોયણાં જેવા સફેદ શિખર સાથે સરખાવી ઉપમા આપે છે. પદ્યના ચતુર્થ ચરણમાં આ ઉપમા આવતી હોવાથી કવિવર નિત્યાનંદ શાસ્ત્રી શિવના અટ્ટહાસ્યની સરખામણી સમુદ્રના સફેદ ફીણ સાથે કરે છે. જુઓઃ

प्रेक्षेथास्त्वं पवनसुत ! तच्छृंगमारुह्य तुंगं,
सिन्धुं सिन्धुपगमनशिलोद्धट्टघोरोपघोषम्।
यद्वेलाभ्युच्छलनजनितः पाण्डुहिन्डीरपीण्डो,
राशीभूतः प्रतिदिनमिव त्र्यम्बकस्याट्टहासः ॥ पूर्वहनु./६३ ॥

કાલિદાસે પૂર્વમેઘના પંદરમા શ્લોકના અંતિમ ચતુર્થ ચરણમાં 'गोपवेशस्य विष्णोः' (મોરપીંચ્છથી ગોપવેશમાં રહેલા કૃષ્ણ) એવી ઉત્પ્રેક્ષા આપી છે. હનુમનદૂતકારને ચતુર્થ ચરણ પોતાના પદ્યમાં સમાવિષ્ઠ કરવાનું હતું, પરંતુ દ્વાપરયુગના કૃષ્ણના મયુરપંખની ઉપમા કવિ ત્રેતાયુગના રામને કેવી રીતે આપી શકે ? આ અસંગતિને દૂર કરવા કવિવરે 'गोपवेशस्य विष्णोः' એ કૃષ્ણ વાચક પદને 'अगोपवेशस्य विष्णोः' માની પદ્ય રચના કરી છે. જે સુમેરુપર્વતનો

વાચક હોવાથી સુમેરૂપર્વત પર મયુર નૃત્ય કરતો હોય તેવું દૃશ્ય થઈ જશે. હનુમાન વિન્ધ્યપર્વતના શિખર પર ચડીને છલાંગ મારવાની ઈચ્છા કરશે. (કેમકે તેઓ સ્વયં 'कनकभूघराकारशरीर' છે. એમના મુકટ પર રંગબેરંગી રત્નો જડેલા છે.) કવિને એ વાત ધ્યાનમાં આવી કે, યક્ષના મુખમાંથી તો આ ઉપમા સાચી લાગે છે પણ રામના મુખમાં આ ઉપમા મુકવી યોગ્ય નથી. અતઃ આ વાત કવિએ 'अगोपवेशस्य अंगः उपवेशः यस्य स अगोपवेशः' વગેરે શબ્દની તોડ-મરોડ દ્વારા ટીપ્પણીથી સરળતાપૂર્વક સમજાવી છે. જુઓઃ

विश्रामार्थ तदनु तव भोस्तिष्ठतो विन्ध्यशृङ्गे,
मौलिभ्नाजा शबलरुचिना रत्नभानूत्करेण।
शोभां प्राप्ता कनकरुचिरं गात्रमुच्चैःस्थबर्हि-,
बर्हेणेव स्फुरितरुचिनाऽगोपवेशस्य विष्णोः ॥ पूर्वहनु./१५ ॥

કાલિદાસે પૂર્વમેઘના અઢારમા શ્લોકના અંતિમ ચતુર્થ ચરણમાં 'मध्ये श्यामः स्तन इव भूवः शेषविस्तारपाण्डुः।' એ ઉપમા આપી છે. શ્લોકના અંતિમ ચતુર્થ ચરણમાં આવતી આ ઉપમાને હનુમનદ્દૂતકારે 'ભૂમિપતિ (રાજાઓ) માટે વિન્ધ્યપર્વત દર્શનીય બની રહેશે.' એવી ઉપમા આપી પદ્યરચના કરી છે. જુઓઃ

अध्वन्यानां हरति हृदयं प्रायशो भूपतीनां,
'मध्ये श्यामः स्तन इव भुवः शेषविस्तारपाण्डुः ॥ पूर्वहनु./१८ ॥

કવિવર નિત્યાનંદ શાસ્ત્રીએ મુદ્રાલંકારનો કરેલો સફળપ્રયોગ પણ દર્શનીય છે. જુઓઃ

मन्दाक्रान्ताऽसमदलवनैर्धुर्यमानं सुशीतै-,
स्तोयक्रीडानिरतयुवतिस्नानतिक्तैरमरुभ्दिः।' (पूर्वहनु./३८)

રામ-સીતાના પવિત્રપ્રેમ અને પરસ્પરના દૃઢ વિશ્વાસને અનન્વય અલંકાર દ્વારા આભિવ્યક્ત કરતાં કવિવર કહે છે કે,

सीतेऽसीता न भवसि कदापीत्यहं निश्चिनोमि,
रामो रामोऽस्म्यहमपि तथेत्येव निर्धारय त्वम्।
किं शक्नोषि प्रणयकलहेष्वप्युपालब्धुमार्ये !
दृष्टः स्वप्ने कितव ! रमयन् कामापि त्वं मयोति ॥ उ.हनु./५० ॥

અર્થાત્ સીતા ક્યારેય અસીતા થવાની નથી એ નિશ્ચય છે. તો પછી રામ રામ જ રહે એ ઉક્તિ પણ નિશ્ચય છે. શું તું (સીતા) ! પ્રણય કલહમાં પણ મને કહી શકે છે ? 'હે ધૂર્ત ! મેં સ્વપ્નમાં તમને પરસ્ત્રી સાથે જોયા.'

આ ઉપરાંત રૂપક, સસંદેહ, શબ્દાનુપ્રાસ, અંત્યાનુપ્રાસ, સ્વભાવોક્તિ આદિ અલંકારોનો સહજ પ્રયોગ કરી કવિએ પોતાની પ્રત્યુત્પન્નપ્રતિભાનો પરિચય આપ્યો છે. વળી, માનવને જીવનમાં ઉપયોગી સૂક્તિઓનો પણ 'શ્રીહનુમનદ્દૂતમ્'માં કવિએ સહજતાપૂર્વક પ્રયોગ કર્યો છે.

'प्रायेणाशा खलु धुतकरी दुःखितानां जनानां ।' (पूर्वहनु./१०)
'नित्यो ह्येष प्रकृति-नियमोऽनित्यतां नैति नित्यं,
दुःखस्यान्ते सुखमिति सुनिर्धार्य धैर्यं धरेऽहम् ।' (उ.हनु./४८)
'लोके यूनां विरह इह सत्येव सत्यं परीक्ष्यः ।'
प्रौढः प्रेमा विपदुपगमे बाल्यबन्धः सखेव ।' (उ.हनु./५१) વગેરે......

'મેઘદૂત'ની જેમ જ પૂર્વહનુમનદૂત(શ્લોક, ૩૯ થી ૫૨)માં વિરહી નાયક રામ દ્વારા મોકલતો પ્રણય સંદેશ વિસ્તૃત જણાય છે. જેમાં પોતાની કુશળતાની સાથે નાયક દ્વારા આશ્વાસન પણ આપવામાં આવ્યું છે કે, તું ગભરાઇશ નહીં કારણ કે મનુષ્યની દશા 'ચક્રનેમિક્રમેણ' ઉપર નીચે તરફ ફરતી રહે છે.

'મેઘદૂત'માં 'યક્ષ જીવિત છે.' એ બાબતનું સૂચન યક્ષે સંદેશની પ્રથમ પંક્તિમાં જ વ્યંજનાપૂર્ણ રીતે આ પ્રમાણે કર્યું છે. 'भर्तृमित्रं प्रियमविधये विद्धि मामम्बुवाहं ।' (ઉત્તરમેઘ./૩૯) અહીં 'अविधये' સંબોધન સપ્રયોજન છે. 'શ્રીહનુમનદૂતમ્'માં પણ 'रामः सौभाग्यवति सकुशली क्षेममापृच्छते त्वां ।' (ઉત્તરહનુ./૪૦)એ પદ દ્વારા 'રામ જીવિત છે.'એ બાબતનું સૂચન વ્યંજનાપૂર્ણ રીતે કવિવર આપે છે. જેમાં કવિની સર્જક પ્રતિભા જોવા મળે છે.

સમસ્યાપૂર્તિને કારણે 'શ્રીહનુમનદૂતમ્'ના અંતિમ શ્લોકનું અંતિમ ચરણ 'મેઘદૂત'નું જ છે. 'મેઘદૂત'ના અંતે આવતા અંતિમ શ્લોકનું અંતિમ ચરણ 'मा भूदेवं क्षणमिप च ते विद्युता विप्रयोगः ।' (ઉત્તર.મેઘ/૫૫)નું ક્યા સહૃદયને સ્મરણ નહીં હોય ? મેઘનો વિદ્યુત-પ્રિયાથી વિયોગ સંભવિત છે. તેથી તેને क्षणमिप વિદ્યુતથી વિપ્રયુક્ત ન થવાની શુભેચ્છા આપવાનું યોગ્ય છે પણ બ્રહ્મચારી હનુમાનનો પ્રિયા સાથેનો વિયોગ અસંભવ હોવાથી હનુમનદૂતકાર તૃતીય ચરણમાં 'भक्त्या भक्ति-प्रिय ! मम तथा हे सदानन्ददात, मा भूदेवं क्षणमिप च ते विद्युता विप्रयोगः ।' એમ કહી હનુમાનનો શ્રીરામ તરફની સહજ ભક્તિ સાથે વિયોગ ન થાય તેમ કહે છે. જેમાં કવિની કાવ્યપ્રતિભાના દર્શન થાય છે.

કવિવર નિત્યાનંદ શાસ્ત્રીની પૂર્વે આધુનિક સંસ્કૃત દૂતકાવ્યક્ષેત્રે કાલિદાસકૃત 'મેઘદૂત'ને ઉપજીવી બનાવી અનેક દૂતકાવ્યોની રચના થઇ છે. પણ 'શ્રીહનુમનદૂતમ્'ની વિશેષતા એ છે કે, રામકથાને આધાર બનાવી, દૂતકાર નિત્યાનંદ શાસ્ત્રીએ કાલિદાસના 'મેઘદૂત'ના પ્રત્યેક શ્લોકનું અંતિમ ચરણ યથાતથ રાખીને દૂતકાવ્યની રચના કરી છે. જેમાં કવિની ક્શોટી થઇ છે. આમ છતાં વિપ્રલંભશૃંગારની કરુણા તેમજ સુકુમારતા, નારી સૌદર્યની મનોહારિતા, માનવીય હૃદયની ભાવનાઓનું સ્વાભાવિક અને વિરહવેદનાનું માર્મિક ચિત્રણ, રમણીય, સુકુમાર અને અનુપમ કલ્પનાઓને અનુરૂપ પ્રસાદગુણમંડિત વૈદર્ભીશૈલી, મંદાક્રાન્તા છંદની સફળયોજના, શબ્દચયનમાં કવિનું કૌશલ્ય, સ્વાભાવિક વર્ણનો, અપૂર્વ અલંકારયોજના તથા વ્યંજનાનો સફળપ્રયોગ આદિ અનેક વિશેષતાઓને કારણે 'શ્રીહનુમનદૂતમ્' ઉત્કૃષ્ટ દૂતકાવ્ય બન્યું છે. આમ 'શ્રીહનુમનદૂતમ્'ને દૂતકાવ્યની પરંપરાનું નવીનતમ દૂતકાવ્ય ચોક્કસપણે કહી શકાય.

## સંદર્ભગ્રંથો


(૧) અર્વાચીન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ, ડૉ. શ્રીધર ભાસ્કર વર્ણેકર, અનુ.-અનંતરાય જે. રાવળ અને વિજયા એસ,લેલે, પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરા, પ્રથમાવૃત્તિ-૧૯૯૨.

(૨) આજ કા ભારતીય સાહિત્ય (સંસ્કૃત સાહિત્ય અંતર્ગત), લેખક, શ્રી. રાઘવન, અનુ. શ્રી. જયંત બક્ષી અને શ્રી. મનસુખલાલ ઝવેરી, સાહિત્ય અકાદમી, અમદાવાદ, પ્રથમ સંસ્કરણ-૧૯૭૬.

(૩) સંસ્કૃત સાહિત્યઃ બીસવીં શતાબ્દી, સંપાદક, ડૉ. રાધાવલ્લભ ત્રિપાઠી, રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાનમ્, વારાણસી, પ્રથમ સંસ્કરણ-૧૯૯૯.

(૪) આધુનિક સંસ્કૃત સાહિત્ય એક દ્રષ્ટિપાત્, સંપાદક, કલાનાથ તિવારી, અલાહાબાદ સંગ્રહાલય, અલાહાબાદ, પ્રથમ સંસ્કરણ-૨૦૦૨.

(૫) શ્રીહનુમનદૂતમ્, સંપાદિકા, શ્રીમતી વિમલા આચાર્ય, આચાર્ય નિત્યાનંદ શાસ્ત્રી સ્મૃતિ સંસ્કૃત શિક્ષા એવમ્ શોધ સંસ્થાન, ગિરિજા નિકેતન, કલકત્તા, તૃતીય સંસ્કરણ- ૨૦૦૫.

(૬) મેઘદૂતમ્, (સંસ્કૃત-હિન્દી વ્યાખ્યા એવમ્ ટિપ્પણી સહિત) હિન્દી વ્યાખ્યાકાર ડૉ. દયાશંકર શાસ્ત્રી, ચૌખામ્બા સુરભારતી પ્રકાશન, વારાણસી, પ્રથમ સંસ્કરણ- ૨૦૧૨.


*****************************************************************


ડૉ. વિપુલ. એમ. શ્રીમાળી

આચાર્ય

શ્રી. જે. એમ. પટેલ આર્ટ્સ કૉલેજ

આણંદ


Copyright © 2012- 2016 KCG. All Rights Reserved. | Powered By : Knowledge Consortium of Gujarat